**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**

**(ગુજરાત સરકારનું સાહસ)**

**રજી.કચેરી: બીજ ભવન, સેકટર નં.૧૦-એ,**

**ગાંધીનગર-૩૮૨૦૧૦.**

**ટેલીફોન નં. વહીવટ વિભાગ -૨૩૨૫૬૭૧૫**

**તાંત્રિક-બિનતાંત્રિક જગ્યાઓ**

**સીધી ભરતીથી ભરવા બાબત અંગેની ટુંકી જાહેરાત**

આ નિગમમાં નીચે મુજબના સંવર્ગની જગ્યાઓ ભરવાની થાય છે

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | સામાન્ય | સા.શૈ.પ. | અ.જ.જા | અ.જા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | બ્રાન્ચ મેનેજર(વર્ગ-૨)- | ૩ | ૨ | ૧ | ૦ | ૦ |
| ૨ | સીનીયર બીજ અધિકારી (વર્ગ-૨)- | ૪ | ૩ | ૧ | ૦ | ૦ |
| ૩ | બીજ અધિકારી (વર્ગ-૨) | ૨૮ | ૧૬ | ૯ | ૦ | ૩ |
| ૪ | મદદનીશ (વર્ગ-૩) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૫ | અપર ડીવીઝન કલાર્ક-કમ કેશીયર (વર્ગ-૩) | ૧૧ | ૭ | ૩ | ૧ | ૦ |

ક્રમ-૧ થી ૫ સામે ઉપર દર્શાવેલી જગ્યાઓ માટે જે તે જગ્યાની ભરતી નિયમો પ્રમાણે ઉમેદવારની આવશ્યક શૈક્ષણિક લાયકાત, અનુભવ અને નિયત વયમર્યાદા તથા અન્ય શરતો અને અરજી કરવાનું ફોર્મ વગેરેની વિસ્તૃત વિગતો વેબસાઈટ **https://ojas.gujarat.gov.in** ઉપર મુકેલ છે, તો તેમાં નિર્દિષ્ટ લાયકાતો ધરાવતા ઉમેદવારોએ પોતાની સંપૂર્ણ વિગતો દર્શાવતી અરજી વેબસાઈટ ઉપર મુકેલ નિયત નમૂનામાં ઓનલાઈન અરજી મોડામાં મોડી તા.૦૭/૦૩/૨૦૧૭ (રાત્રીના ૨૩:૫૯ કલાક)સુધીમાં કરવાની રહેશે. ઓનલાઈન નિયત નમુનામાં અપલોડ કરેલ અરજી સિવાય મોકલેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

**મેનેજીંગ ડીરેકટર**

# ગુજરાત રાજય બીજ નિગમ લિ.,

(રાજય સરકારનું સાહસ)

'બીજ ભવન' સેકટર-૧૦-અ, ગાંધીનગર.

જાહેરાત ક્રમાંક: ગુ.રા.બી.નિ.લિ./ /૨૦૧૭

(વેબસાઈટ એડ્રેસ: **https://ojas.gujarat.gov.in**)

ગુજરાત રાજય બીજ નિગમ લિ., ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલી જગ્યાઓ ઉપર અરજદાર પસંદગી કરવા માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **https://ojas.gujarat.gov.in**વેબસાઈટ ઉપર તા.૧૫/૦૨/૨૦૧૭ (બપોરના ૧૩:૦૦કલાક)થી તા.૦૭/૦૩/૨૦૧૭ (રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો (૧૫ KB) અને સહીનો નમુનો (૧૫ KB) સાઈઝથી વધે નહીં તે રીતે જે.પી.જી.ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાની બધી જ શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, અનુભવ, વય અને વયમર્યાદામાં છુટછાટ પરીક્ષા પધ્ધતિની વિગતો, ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ, પરીક્ષા ફી વગેરે અંગેની અરજી કરવાની લગતી સંપૂર્ણ સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ ઉપર વાંચી સમજી ત્યાર બાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી | કુલ જગ્યાઓ પૈકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત | અનુસુચિત જાતિ | અનુસુચિત જન જાતિ | બિન અનામત (સામાન્ય) | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત | અનુસુચિત જાતિ | અનુસુચિત જન જાતિ | શારીરિક અશકતતા માટે અનામત | માજી સૈનિક માટે અનામત |
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ |
| ૧ | બ્રાંચ મેનેજર (વર્ગ-૨) | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સીનીયર બીજ અધિકારી (વર્ગ-૨) | ૪ | ૩ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | બીજ અધિકારી (વર્ગ-૨) | ૨૮ | ૧૬ | ૯ | ૩ | ૦ | ૫ | ૩ | ૧ | ૦ | ૨ | ૦ |
| ૪ | મદદનીશ (વર્ગ-૩) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અપર ડીવીઝન કલાર્ક-કમ કેશીયર (વર્ગ-૩) | ૧૧ | ૭ | ૩ | ૦ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |

નોંધ:- (૧) અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વહીવટી જરૂરીયાત પ્રમાણે વધ-ઘટ થવાની શકયતાઓ છે જે બાબતનો નિગમનો નિર્ણય આખરી રહેશે.

(૩) જાહેરાતમા દર્શાવેલ તમામ જગ્યાઓ લેખિત પરિક્ષામાં મેળવેલ ગુણના આધારે ભરવાની થાય છે. તે માટે મૌખિક ઇન્ટરવ્યુ લેવામાં આવશે નહિ.

**ઉપરોક્ત જગ્યાની ભરતી માટે ઉમેદવારોની જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર તથા અન્ય વિગતો નીચે દર્શાવેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | **જગ્યાનું નામ** | **બ્રાંચ મેનેજર (વર્ગ-૨)** |
| | ૨ | પગાર ધોરણ | પે-બેન્ડ રૂ|. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ-પે-રૂ.૫૪૦૦ નું નિમણુંક સમયેનું પગાર ધોરણ |
| | ૩ | ઉંમર | પ્રસ્તુત જગ્યાની ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા ૩૫ વર્ષની છે ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ગુ.રા.બી.નિ.લિ., હેઠળ ફરજ બજાવતાં ઉમેદવારના કિસ્સામાં ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. |
| | ૪ | શૈક્ષણિક લાયકાત | અરજદાર માન્ય યુનિવર્સિટીની એગ્રોનોમી, પ્લાન્ટ બ્રીડીંગ અને જીનેટીક્સ, પ્લાન્ટ પેથોલોજી, એગ્રીકલ્ચર એન્ટોમોલોજી, એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન અથવા સીડ ટેકનોલોજીની અનુસ્નાતક ડીગ્રીમાં ઓછામાં ઓછો બીજો વર્ગ ધરાવતો હોવો જોઈશે.<br>અથવા<br>માન્ય યુનિવર્સિટીની કૃષિમાં ઓછામાં ઓછો બીજા વર્ગની સ્નાતકની પદવી અથવા એગ્રોનોમી, પ્લાન્ટ બ્રીડીંગ અને જીનેટીક્સ, પ્લાન્ટ પેથોલોજી, એગ્રીકલ્ચર એન્ટોમોલોજી, એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન અથવા સીડ ટેકનોલોજીની અનુસ્નાતકની ડીગ્રી અને એગ્રીકલ્ચર રીસર્ચ અથવા એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન સર્વીસ અથવા એગ્રીકલ્ચર એજ્યુકેશન પૈકી કોઈપણ ક્ષેત્રમાં પાંચ વર્ષનો અનુભવ અથવા એગ્રીકલ્ચર રીસર્ચ, એગ્રીકલ્ચર એજ્યુકેશન, એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન સર્વીસ, સોઈલ કન્ઝરવેશન અને સીડ પ્રોડકશન /માર્કેટીંગ/ રીસર્ચનો આશરે પાંચ વર્ષનો સંયુક્ત અનુભવ ધરાવતો હોવો જોઈશે. |
| | ૫ | કોમ્પ્યુટરની જાણકારી | અરજદાર ગુજરાત મુલ્કી સેવા વગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. |
| | ૬ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈશે. |
| | ૭ | અજમાયશી સમય | પસંદગી પામેલ ઉમેદવારનો અજમાયશી સમય બે વર્ષનો રહેશે. |
| ૨ | ૧ | **જગ્યાનું નામ** | **સીનીયર બીજ અધિકારી (વર્ગ-૨)** |
| | ૨ | પગાર ધોરણ | પે-બેન્ડ રૂ|. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ-પે- રૂ.૪૬૦૦ નુ નિમણુંક સમયેનું પગાર ધોરણ |
| | ૩ | ઉંમર | પ્રસ્તુત જગ્યાની ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા ૩૫ વર્ષની છે ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ગુ.રા.બી.નિ.લિ., હેઠળ ફરજ બજાવતાં ઉમેદવારના કિસ્સામાં ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. |

| | | | |
|---|---|---|---|
| | ૪ | શૈક્ષણિક લાયકાત | અરજદાર માન્ય યુનિવર્સિટીની એગ્રોનોમી, પ્લાન્ટ બ્રીડીંગ અને જીનેટીક્સ, પ્લાન્ટ પેથોલોજી, એગ્રીકલ્ચર એન્ટોમોલોજી, એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન અથવા સીડ ટેકનોલોજી વિષય પૈકી કોઈપણ વિષય સાથે અનુસ્નાતક ડીગ્રીમાં ઓછામાં ઓછો બીજો વર્ગ ધરાવતો હોવો જોઈશે.<br>અથવા<br>માન્ય યુનિવર્સિટીની કૃષિની કોઈપણ શાખાની ઓછામાં ઓછો બીજા વર્ગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અને એગ્રીકલ્ચર રીસર્ચ અથવા એગ્રીકલ્ચર એજ્યુકેશન અથવા એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન સર્વીસ અથવા સીડ પ્રોડકશન/માર્કેટીંગ/ રીસર્ચનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે અથવા એગ્રીકલ્ચર રીસર્ચ, એગ્રીકલ્ચર એજ્યુકેશન, એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન સર્વીસ, સોઈલ કન્જરવેશન અને સીડ પ્રોડકશન/માર્કેટીંગ/ રીસર્ચનો આશરે ત્રણ વર્ષનો સંયુક્ત અનુભવ ધરાવતો હોવો જોઈશે. |
| | ૫ | કોમ્પ્યુટરની જાણકારી | અરજદાર ગુજરાત મુલ્કી સેવા વગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. |
| | ૬ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈશે. |
| | ૭ | અજમાયશી સમય | પસંદગી પામેલ ઉમેદવારનો અજમાયશી સમય બે વર્ષનો રહેશે. |
| ૩ | ૧ | **જગ્યાનું નામ** | **બીજ અધિકારી (વર્ગ-૨)** |
| | ૨ | પગાર ધોરણ | પે-બેન્ડ રૂા. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ-પે- રૂ.૪૪૦૦ નુ નિમણુંક સમયેનું પગાર ધોરણ |
| | ૩ | ઉંમર | પ્રસ્તુત જગ્યાની ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા ૩૫ વર્ષની છે ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. પરંતુ ગુ.રા.બી.નિ.લિ., હેઠળ ફરજ બજાવતાં ઉમેદવારના કિસ્સામાં ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. |
| | ૪ | શૈક્ષણિક લાયકાત | અરજદાર માન્ય યુનિવર્સિટીની વિજ્ઞાન (કૃષિ)ની ઓછામાં ઓછો બીજા વર્ગની સ્નાતકની ડીગ્રી ધરાવતો હોવો જોઈશે. જો ઉમેદવાર એગ્રોનોમી, પ્લાન્ટ બ્રીડીંગ અને જીનેટીક્સ, પ્લાન્ટ પેથોલોજી, એગ્રીકલ્ચર એન્ટોમોલોજી, એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન અથવા સીડ ટેકનોલોજી વિષય પૈકી કોઈપણ વિષયમાં માન્ય યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી ધરાવતો હશે તો તેને પ્રાધાન્ય આપવામાં આવશે. |
| | ૫ | કોમ્પ્યુટરની જાણકારી | અરજદાર ગુજરાત મુલ્કી સેવા વગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. |
| | ૬ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈશે. |
| | ૭ | અજમાયશી સમય | પસંદગી પામેલ ઉમેદવારનો અજમાયશી સમય બે વર્ષનો રહેશે. |

| | | | |
|---|---|---|---|
| ૪ | ૧ | **જગ્યાનું નામ** | **મદદનીશ (વર્ગ-3)** |
| | ૨ | પગાર ધોરણ | પે-બેન્ડ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ-પે- રૂ.૪૨૦૦, પાંચ વર્ષ ફિકસ પગાર ૧૩૫૦૦ બેઝિક +૧૫૦૦ ખાસ માસિક ભથ્થું તથા ૧૫૦૦ વાર્ષિક વધારો. |
| | ૩ | ઉંમર | પ્રસ્તુત જગ્યાની ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા ૩૫ વર્ષની છે ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ગુ.રા.બી.નિ.લિ., હેઠળ ફરજ બજાવતાં ઉમેદવારના કિસ્સામાં ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. |
| | ૪ | શૈક્ષણિક લાયકાત | અરજદાર માન્ય યુનિવર્સિટીની આર્ટસ/ સાયન્સ/ કોમર્સ/ કાયદાનાં અનુસ્નાતક ડીગ્રી સાથે પબ્લીક લિમિટેડ કંપની અથવા સરકારી સાહસમાં એકાઉન્ટસ અથવા એડમીનીસ્ટ્રેશન ઈન એકાઉન્ટસ/ ફાઈનાન્સ/ એડમીનીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટનો ત્રણ વર્ષનો અનુભવ અથવા માન્ય યુનિવર્સિટીની આર્ટસ/ સાયન્સ/ કોમર્સ/ કાયદાના સ્નાતકની બીજા વર્ગની પદવી સાથે પબ્લીક લીમીટેડ કંપની અથવા સરકારી સાહસમાં એકાઉન્ટસ અથવા એડમીનીસ્ટ્રેશન ઈન એકાઉન્ટસ/ ફાઈનાન્સ/ એડમીનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે. |
| | ૫ | કોમ્પ્યુટરની જાણકારી | અરજદાર ગુજરાત મુલ્કી સેવા વગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ્ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. |
| | ૬ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈશે. |
| | ૭ | અજમાયશી સમય | પસંદગી પામેલ ઉમેદવાર પ્રથમ પાંચ વર્ષ સુધીના ફિક્સ વેતન પર રહેશે. |
| ૫ | ૧ | **જગ્યાનું નામ** | **અપર ડીવીઝન કલાર્ક-કમ કેશીયર (વર્ગ-3)** |
| | ૨ | પગાર ધોરણ | પે-બેન્ડ રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ-પે- રૂ.૨૪૦૦ પાંચ વર્ષ ફિકસ પગાર ૭૮૦૦ બેઝિક +૨૨૦૦ ખાસ માસિક ભથ્થું તથા ૧૫૦૦ વાર્ષિક વધારો. |
| | ૩ | ઉંમર | પ્રસ્તુત જગ્યાની ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા ૩૫ વર્ષની છે ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ગુ.રા.બી.નિ.લિ., હેઠળ ફરજ બજાવતાં ઉમેદવારના કિસ્સામાં ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. |
| | ૪ | શૈક્ષણિક લાયકાત | અરજદાર માન્ય યુનિવર્સિટીની આર્ટસ/સાયન્સ/કોમર્સ/કાયદાની ઓછામાં ઓછો બીજા વર્ગની સ્નાતકની ડીગ્રી સાથે ક્લેરીકલ કેડરનો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે. |
| | ૫ | કોમ્પ્યુટરની જાણકારી | અરજદાર ગુજરાત મુલ્કી સેવા વગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ્ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. |
| | ૬ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈશે. |
| | ૭ | અજમાયશી સમય | પસંદગી પામેલ ઉમેદવાર પ્રથમ પાંચ વર્ષ સુધીના ફિક્સ વેતન પર રહેશે. |

# જાહેરાતની સામાન્ય જોગવાઈ:-

## ૧. નાગરિકત્વ :-

અરજદાર ભારતનું નાગરિકત્વ ધરાવતાં હોવાં જોઈએ.

## ૨. ભરેલા અરજીપત્રક:-

(૦૧) જો એક કરતા વધુ સંવર્ગ/જગ્યા માટે અરજી કરવાની હોય તો દરેક સંવર્ગ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી નિયમ મુજબ ભરવાની રહેશે.

(૦૨) અરજીની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૦૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૦૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૦૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારો અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવારો માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૦૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે /જેટલીસંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરૂષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

## 3. જન્મતારીખ:-

(૧) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી."ઈ" પ્રમાણપત્ર જ માન્ય રાખવામાં આવશે. (જન્મ તારીખનો દાખલો કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં). પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર જણાવે તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મુળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તેવુ

માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વસનીયતા (credibility)ના આધારે સ્વિકાર કે અસ્વિકારનો નિર્ણય નિગમ દ્વારા લેવામાં આવશે.

(૨) **ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મતારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.**

## ૪. વયમર્યાદા:-

(૧) વયમર્યાદા માટેની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખની ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો(જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર છે.) | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની વયમર્યાદામાં) |
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની વયમર્યાદામાં) |
| ૩ | મુળ ગુજરાતના અનસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા ઉમેદવારો(જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર છે.) | દસ વર્ષ ( આ છુટછાટમાં, મહિલા માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઈ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છુટછાટ મળશે.) |
| ૪ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો (જોગવાઈ-૦૯માં આપેલ વિગતને આધીન):- શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો કે જેઓ હલનચલનની અશકતતા O.L. (One leg affected) અથવા O.A. (One Arm affected) કે જેઓ B L અને both leg(HH) શ્રવણની ખામી જેઓ ૪૦% કે તેથી વધુ પરંતુ ૭૫% સુધીની કક્ષાના શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો હોય તેઓને જ મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળવાપાત્ર રહેશે. આ સિવાય અન્ય શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. | |
| ૫ | જે અરજદારો ગુજરાત રાજય બીજ નિગમ લિ., માં નોકરીમાં ચાલુ હોય અને અરજી કરે તો તેવા કેસોમાં મહત્તમ વયમર્યાદા લાગુ પડશે નહીં. ગુજરાત સરકારના મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ મુજબ જે છુટછાટ આપવામાં આવે છે તે ધ્યાને લેવાની રહેશે. | |

## ૫. શૈક્ષણિક લાયકાત:-

(૧) અરજદાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતાં હોવા જોઈએ.

(૨) અરજદારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી /સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) નિગમ દ્વારા માંગવામાં આવે ત્યારે ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/ સંસ્થા ગુણ પત્રક (બધા વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્કદાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

(૫) જે કિસ્સામાં ઉમેદવારના ગુણ પર્સન્ટાઈલમાં હોય તે પર્સન્ટેજમાં રૂપાંતર કરી અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે. (આ માટે પર્સન્ટાઈલમાંથી પર્સન્ટેજમાં રૂપાંતર કરવા માટેનો સક્ષમ ઓથોરીટીનો આધાર પુરો પાડવાનો રહેશે.)

## ૬. અનુભવ:-

(૧) માંગેલ અનુભવ,અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીનો ગણવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ,માસ,વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે.

(૩) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં.

(૪) અંશકાલીન, રોજિંદા વેતનદાર,એપ્રેન્ટીસશીપ,તાલીમી,આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહિં.

## ૭. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ :

(૧) મુળ ગુજરાતના અનસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય, તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચુક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહી. અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ(ક) (ગુજરાતીમાં)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું હોવું જોઇએ. પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર

રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. આ પ્રમાણપત્ર તા.૧/૪/૧૫થી તા.૩૧/૩/૧૬ના સમયગાળાની આવકને ધ્યાને લઈ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવું જોઈએ. અરજી સાથે પરિશિષ્ટ(ક) ના બદલે એનેક્ષર-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમ કે Annexure-A ભારત સરકાર હઠેળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ (ક) અરજીસાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનભુવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતા વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગણુવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

## ૮. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો:-

(ક) ક્રમ-૩ સામે દર્શાવેલી બીજ અધિકારી જગ્યાઓ પૈકી બે જગ્યા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારથી ભરવાની રહેશે. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધુ અને ૭૫% સુધીની હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે **O.L. (One leg affected)** અથવા **O.A. (One Arm affected)** અથવા **BL (Both leg affected)** અથવા **HH (Hearing handicap)** તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગનાતા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ /સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચુક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૯. માજી સૈનિક:-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચુક મોકલવાની રહેશે.

(૩) ક્રમ-૫ સામે દર્શાવેલી અપર ડીવીઝન કલાર્ક-કમ કેશીયર (વર્ગ-૩) જગ્યાઓ પૈકી એક જગ્યા માજી સૈનિક ઉમેદવારને લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ (વધુમાં વધુ ૪૦ વર્ષની મર્યાદામાં) છુટછાટ મળશે.

## ૧૦. મહિલા અરજદાર:-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ,માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

## ૧૧. વિધવા અરજદાર:-

(૧) અરજદાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન:લગ્ન કરેલ હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે "હા" અચુક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુન:લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન:લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૮/૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ-૨ની જોગવાઈ મુજબ વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓને સ્પર્ધાત્મક પરીક્ષમાં મેળવેલા ગુણના મળેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

## ૧૨. ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોપોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારીઓ/કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણુંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) પ્રમાણપત્રોની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

## ૧૩. ગેરલાયક ઉમેદવાર:-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪. ફરજિયાત નિવૃતિ, રુખસદ, બરતરફ:-

ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોપોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃતિ, રુખસદ,કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

## ૧૫. લેખિત પરીક્ષા :-

લેખિત પરીક્ષા સંભવિત પણે માર્ચ ૨૦૧૭ દરમિયાન આયોજીત થશે પરીક્ષા તારીખ ગુ.રા.બી.નિ.લિ.,ની વેબસાઈટ તથા દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપી જાણ કરવામાં આવશે.

**અભ્યાસ ક્રમ :**

| ક્રમ | સંવર્ગ | અભ્યાસ ક્રમ(સીલેબસ) |
|---|---|---|
| ૧ | બ્રાન્ચ મેનેજર (વર્ગ-૨) | એનેક્ષર – A - ભાગ-૧ અને ભાગ-૨ |
| | સીનીયર બીજ અધીકારી (વર્ગ- ૨) | |
| | બીજ અધીકારી (વર્ગ-૨) | |
| ૨ | મદદનીશ (વર્ગ-3) | એનેક્ષર - B |
| | અપર ડીવીઝન કલાર્ક-કમ કેશીયર (વર્ગ-3) | |
| 3 | લેખિત પરીક્ષા માટેની અગત્યની સુચનાઓ તથા વિગતવાર માહિતી એનેક્ષર – C મુજબ રહેશે. | |

## ૧૬. પસંદગી પ્રકિયા:-

ઉમેદવારોની જે તે સંવર્ગમાં પસંદગી માટે મળેલ ગુણના આધારે મેરીટ લિસ્ટ તૈયાર કર્યા બાદ ઉમેદવારોને અસલ દસ્તાવેજોની ચકાસણી માટે રુબરુ બોલાવવામાં આવશે, ઉમેદવારોના દસ્તાવેજોની ચકાણી કર્યા બાદ જે તે જગ્યા માટે જરુરી તમામ લાયકાતો સંતોષતા ઉમેદવારોનું આખરી મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.

## ૧૭. માત્ર પ્રમાણપત્રોની ખરાઈ માટેની મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત નિગમની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે

(૨) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવારના અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહિં તો તેઓ નિયુકિત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

## ૧૮. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપ છે જે સંપૂર્ણ નથી.)

(૧) ઓનલાઈન મુસદા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેકસથી અથવા ઈ-મેઈલથી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પુરેપુરી ફી ભરેલ ન હોય.

(૭) અનસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.

(૯) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/ પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ.પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૨) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય ( જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલપ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળપગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ નહોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય.

## ૧૯. નિમણુંક:-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણુંક માટે પસંદ થયેલા ઉમેદવારને નિગમ દ્વારા જાણ કરવામાં આવશે.ઉમેદવારોએ અજમાયશી સમયગાળામાં કોમ્પ્યુટર અંગેની સીસીસી /સીસીસી+ અથવા તેની સમકક્ષ નિગમ નક્કી કરે તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૨) નિમણુંક અંગેનો કોઇપણ પત્રવ્યવહાર નિગમ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/અનભુવ/ઉંમર વિગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણુંક પણ રદ થવાને પાત્ર રહશે. અને આવા અરજદાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબ જ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ નિગમમાં રજુ કરવા.

(૪) પસંદગી પામેલ ઉમેદવાર નિગમની કોઈપણ શાખા-કચેરીમાં નિમણુંક/બદલી પાત્ર રહેશે.

## ૨૦. ગેરવર્તણુંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરુધ્ધ પગલાં:-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવાની નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણીત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહિ અથવા તેઓએ આવા કોઈ ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહિ, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજો અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર નિગમ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યકિત દ્વારા છળકપટથી કામપૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજો રજૂ કર્યા હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિતસાધનો જેવા કે મોબાઈલ, કેલક્યુલેટર કે અન્ય ઈલેક્ટ્રોનીક ડીવાઈઝ સાથે લાવવાના રહેશે નહીં.

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહીતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણુંક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવાહીની નકલકરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) નિગમ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુક્ત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઈજા પહોંચાડવી વગેરે કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે નિગમ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) નિગમ દ્વારા આવા પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરુધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

## ૨૧. **ઓનલાઈન અરજી કરવાની તથા ફી ભરવાની રીત:-**

આ જાહેરાતનાં સંદર્ભમાં નિગમ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. અરજદાર **તા.૧૫/૦૨/૨૦૧૭ (બપોરના ૧૩:૦૦કલાક)થી તા.૦૭/૦૩/૨૦૧૭ (રાત્રીના ૨૩:૫૯ કલાક)** સુધીમાં **https://ojas.gujarat.gov.in** પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ **https://ojas.gujarat.gov.in** પર જવું.

(૨) Apply On line Click કરવું.
આ પ્રમાણે click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે. સૌપ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારે કરવો અને ત્યારબાદ Apply Now બટન કિલક કરવું.

(૩) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે.Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે નિગમ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૪) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું. અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૫) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૬) Experience Details પર "click" કરવું. અને Experience Details ભરવી.વધુ Experience ઉમેરવા માગતા હોય તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૭) તેની નીચે "Self declaration"માં Yes / No પર click કરવું.

(૮) હવે save પર “click” કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં નિગમ સાથેના કોઈપણ પત્ર વ્યવહારમાં દર્શાવવાનો રહેશે.

(૯) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે, આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો. અહીં, photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી.ઊંચાઇ અને૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી.ઊંચાઇ અને૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg Format માં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) “Browse” Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલ. jpg Formatમાં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને “Open” Button ને click કરો. હવે “Browse” Button ની બાજુમાં “Upload Button” પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં “Confirm Application” પર click કરો અને “Application number” તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ (૩) બટન Ok “Application preview” પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીઓ નિગમમાં online સ્વીકાર થઈ જશે. અહી“confirmation number generate” થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. confirmation number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચુક કાઢી રાખવી.

(૧૨) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે “Print Challan" ઉપર ક્લીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટર સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૨૪૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ તેમજ મુળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં રૂ.૧૨૦/-પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે. તા.૯/3/૨૦૧૭ સુધીના પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધીમાં ભરવાની રહેશે. રાજ્યના અનામત વર્ગના ઉમેદવારે ફી ભરવાની રહેશે.અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા **confirm** થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે. અને જ્યારે નિગમ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.અથવા નિગમની વડી કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.

(૧૩) દરેક જગ્યા માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવસાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે. તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયતફી ભરેલ હશે.તો તે માન્ય ગણાશે

અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉ અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં.

જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલ છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે.જો ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે.તો તે રીફંડ કરવામાં આવશે નહીં. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગ-અલગ અરજી કરવાની રહેશે.

(૧૪) અરજી ફી;-

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂ.૨૪૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે, અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે

(૨) મુળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં રૂ.૧૨૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારને કોઈપણ સંજોગોમાં પ્રાથમિક કસોટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.આ ફી ફકત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફટથી ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૧૫) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન ઉમેદવાર આ જગ્યાના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતા નથી. તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.

(૧૬) અરજીપત્રક સાથે માંગવામાં આવે ત્યારે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી (આ યાદી ફકત ઉમેદવારોને મદદરૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઈ તથા પરીક્ષા નિયમોની જોગવાઈ ધ્યાન લેવાની રહેશે.

| | |
|---|---|
| ૦૧ | એક જગ્યા માટે એક અરજી કરવી. |
| ૦૨ | એસ.એસ.સી.બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. |
| ૦૩ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ |
| ૦૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ |
| ૦૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોએ જાહેરાતમાં જણાવ્યાં મુજબ તા.૦૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ થયેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર નમુના 'ક ' મુજબ ગુજરાતીમાં આવતુ પ્રમાણપત્ર બીડવું. અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure-A માન્ય નથી. |
| ૦૬ | શારીરિક દિવ્યાંગતા ધરાવતા અરજદાર માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ તબીબી પ્રામાણપત્રની નકલ (સા.વ/વિ.ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) |
| ૦૭ | શૈક્ષણિક લાયકાતનાં સંદર્ભમાં જાહેરતમાં દર્શાવેલ વિધાશાખા સ્નાતક/ અનુસ્નાતક પદવીના અંતિમ વર્ષ ગુણપત્રક/પદવી પ્રમાણપત્રની નકલ |
| ૦૮ | સક્ષમ અધિકારી દ્વારા આપવામા આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ(જેમાં સંસ્થાના લેટરપેડ (૧)ધારણકરેલ જગ્યા (૨)અનુભવનો સમયગાળો (૩)અનુભવનો પ્રકાર (૪) પગારની વિગત વગેરે વિગતોનો ઉલ્લેખ થયેલ હોવો જોઈએ |

| | |
|---|---|
| ૦૯ | સરકારી કર્મચારીના કિસ્સામાં રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ 'ના-વાંધા' પ્રમાણપત્રની નકલ અચુક રજુ કરવાની રહેશે. અન્યથા રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ મળશે નહી.(સા.વ.વિ.તા.૦૮/૧૧/૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) |
| ૧૦ | વિધવા ઉમેદવારના કિસ્સામાં બીજા લગ્ન કરેલ નથી તેવું સોગંદનામું |

આ તબક્કે ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે અરજીપત્રક સાથે બિડવાના બિડાણો/પ્રમાણપત્રો વગેરે અંગે પુરતી કાળજી ઉમેદવારો દ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઈક પ્રમાણપત્રો બીડવાના રહી જતા હોય છે કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સુચના મુજબના હોતાં નથી આવા પ્રસંગોએ નિગમને તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી, નિગમમાં રજુ કરતાં પહેલાં આ અંગે પુરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ તે અરજી સાથે આપના તરફથી રજુ કરવામાં આવે તે જોવા જણાવવામાં  આવે છે.

વહીવટી સંચાલક,
ગુજરાત રાજય બીજ નિગમ લિ.,
ગાંધીનગર

## <u>પરિશિષ્ટ-ક</u>

રાજ્ય સરકારની નોકરીમાં / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજૂ કરવાના પ્રમાણપત્રનો નમૂનો........

..............................................................................................................................................

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ................................................ જીલ્લાના ................................................ તાલુકાના.................................................................ગામના શ્રી / કુ. .....................................ના પુત્ર/પુત્રી.................................. જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧-૪-૭૮ના ઠરાવ નંબર-બકર/૧૦૭૯/૧૩૭૩૪/ફ. તેમજ ત્યાર બાદના વખતો વખતના સુધારા/વધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી ........................................................ અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના ................................................... જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે/તેણીનો ગુજરાત સરકાર ના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૧-૧૧-૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક : સશપ-૧૧૯૪-૧૦૯-અ સાથેના પરિશિષ્ટ થી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમિલેયર) ની વ્યક્તિ / જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખ : ....................................

( સીલ ) સક્ષમ અધિકારીની સહિ,

હોદ્દો :

---

<u>નોંધ</u> :

ક) ઉપર દર્શાવેલ "સામાન્ય રીતે" શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એક્ટ, ૧૯૫૦) ની કલમ-૨૦માં જણાવ્યા મુજબનો જ રહેશે.

ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજ્ય સરકારના રાજ્યપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમુનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિસહીવાળા હોવા જોઈએ. (રાજ્ય પત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારી દ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પૂરતાં ગણવામાં આવશે નહિ.)

ક્રમાંક: તા.-

સા.વ.વિ.ના તા: ૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી .................................................. આ ખાતામાં તા...................... થી સતત જગ્યા પર કામ કરે છે.
જગ્યાનું નામ..................................................................................................

૨. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂંક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી / કાયમી રીતે કરવામાં આવી છે.

૩. જગ્યાનું નામ : ................................................................. (વર્ગ-..........) જે જગ્યા માટે શ્રી / શ્રીમતી .................................................................................. એ અરજી કરી છે તે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

( )
હોદ્દો
ખાતાના વડા

સ્થળ :
તારીખ :

પ્રતિ,
શ્રી..................................................
..................................................
..................................................

નકલ રવાના :-

# એનેક્ષર-A (ભાગ-૧)

## ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. ગાંધીનગર

**બ્રાન્ચ મેનેજર**, **સીનીયર બીજ અધિકારી** તથા **બીજ અધિકારી** વર્ગ-૨ની જગ્યા પર ભરતી માટેની સંભવિત પ્રાથમિક કસોટીમાં ભાગ-૧ અને ભાગ-૨નાં ૧૮૦ મિનીટ નાં સંયુક્ત પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ.

**ભાગ-૧ સામાન્ય અભ્યાસ**

**માધ્યમ :- ગુજરાતી** **પ્રશ્નોની સંખ્યા-૧૦૦** **ગુણ-૧૦૦**

| | |
|---|---|
| ૧ | ગુજરાતની ભૌગોલિક, આર્થિક અને સામાજિક ભૂગોળ |
| ૨ | ગુજરાતનો સાંસ્કૃતિક વારસો-સાહિત્ય,કલા,ધર્મ અને સ્થાપત્યો |
| ૩ | ભારતની ભૂગોળ- ભૌગોલિક, આર્થિક, સામાજીક, ખેતી, કુદરતી સંશાધનો અને વસ્તી અંગે બાબતો |
| ૪ | વિશ્વ ભૂગોળની ભૌગોલિક સામાન્ય માહિતી |
| ૫ | ભારતનું બંધારણ:<br>(૧)આમુખ (૨)મૂળભૂત અધિકારો અને ફરજો (૩)રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (૪) સંસદની રચના (૫)રાષ્ટ્રપતિની સત્તા (૬)રાજ્યપાલની સત્તા (૭)ન્યાયતંત્ર (૮)અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ અને સમાજના પછાત વર્ગો માટેની જોગવાઈઓ (૯)એટર્ની જનરલ (૧૦) નીતિ આયોગ (૧૧)પંચાયતી રાજ (૧૨)નાણાપંચ (૧૩) બંધારણીય સંસ્થાઓ–ચુંટણીપંચ સંઘલોક સેવા અયોગ, રાજ્ય સેવા આયોગ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ |
| ૬ | ભારતની અર્થવ્યવસ્થા |
| ૭ | ભારતનો ઈતિહાસ |
| ૮ | સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ તથા ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન |
| ૯ | સામાન્ય બૌધિક ક્ષમતા કસોટી |
| ૧૦ | ખેલ જગત |
| ૧૧ | માહિતી(મેળવવાનો)અધિકાર અધિનિયમ-૨૦૦૫ |
| ૧૨ | ગુજરાતી વ્યાકરણ<br>(૧)જોડણી (૨)સમાનાર્થી/વિરુદ્ધાર્થી શબ્દો (૩)સંધિ (૪)સમાસ (5)રૂઢિપ્રયોગો અને કહેવતો |
| ૧૩ | English Grammar<br>1. Tense, Gerund and Participles<br>2. Agreement between verb and Subject, Order of words, punctuations etc.<br>3. Usage of Articles, Nouns, Pronouns, Adjective, Prepositions, auxiliaries, conjunctions and question tag.<br>4. Idioms and phrasal verbs.<br>5. Active and Passive Voice.<br>6. Common Errors of Usage. |
| ૧૪ | પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના બનાવો |

# એનેક્ષર-A (ભાગ-૨)

## ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. ગાંધીનગર

**<u>બ્રાન્ચ મેનેજર</u>**, **<u>સી.બીજ અધિકારી</u>** તથા **<u>બીજ અધિકારી</u>** વર્ગ-૨ની જગ્યા પર ભરતી માટેની સંભવિત પ્રાથમિક કસોટીમાં ભાગ-૧ અને ભાગ-૨નાં ૧૮૦ મિનીટનાં સંયુક્ત પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ.

### ભાગ-૨ : વિષયને લગતા પ્રશ્ન પત્રના અભ્યાસ ક્રમની વિગતો

**English** **100 Question** **marks-200**

| | |
|---|---|
| 1 | Important and Contribution of agriculture in state and National economy. |
| 2 | Characteristics of different Agro-climatic zones of the state and their cropping Systems. |
| 3 | Characteristics of monsoon in different part of the state Effect of environment on crop production alternative cropping System, in irregular monsoon. |
| 4 | Classification of Soil of Gujarat, their physical, biological chemical properties. Measures for improving and maintenance of their fertility and productivity. Soil conservation programmer. |
| 5 | Organic Farming uses of Organic measure and bio-fertilizer in crop production. Importance of organic element to maintain physical properties of Soil. Conservation programme. |
| 6 | Essential element for the plant growth, their function and role. Nutrient movement in plant, integrated nutrient management. |
| 7 | Benefit of crop rotation, intensive cropping, multiple cropping, inter and mix cropping, system. Improve package of practices of main crops in irrigated and non-irrigated conditions. |
| 8 | Improved variety of cereals, legumes, cotton, oilseeds, Vegetable and fruit crops and cash crops cultivated in the State. |
| 9 | Importance of tissue culture and genetic engineering in the crop improvement and crop productivity. |
| 10 | Seed production programme for the cereals, oil-seeds, legumes and cash crops in the Gujarat State. Seeds certification, foundation and certified Seed production, intellectual property rights. |
| 11 | Concept of minimum and zero tillage. |
| 12 | Value addition and preservation of Vegetable, flower and fruits. |
| 13 | Irrigation projects, its classification, irrigation system and water requirement of main crops. Scope and role of drip and sprinkler irrigation in the agriculture. |
| 14 | Crops diseases and pest, its control measures, integrated pest and diseases management, biological control. Precaution in use of pesticide residues of pesticides and tolerance limits. Quarantine laws and its implementation Use of plant protection appliances and their maintenance. |
| 15 | Stored grain pests, their damage symptoms and central measures, precaution for storage of grains. |
| 16 | Important breeds of indigenous and exotic cow and buffaloes, sheep, goat and poultry. Role of artificial insemination in livestock improvement. |
| 17 | Project and policies of the State government for development of Agriculture and related field. Different project, Scheme, plans for development of Agriculture sector. |
| 18 | Objectives, Organization structure and implementation of the project-ATMA, principles of Broad based Extension (BBE). |
| 19 | Use of information technology in the field of Agriculture extension for spreading Agriculture technology. |
| 20 | Advantage and limitations of training and visit system Mass Communication, group Contact, Symposium, Workshop, Seminar & Conference. |
| 21 | Agriculture research Centre's in the State and their role in seed improvement programme and improved Agriculture practices. |
| 22 | Pollution and its impact on environment. |
| 23 | Natural resources, their Conservations, Social issues and the environment, environment protection act. |
| 24 | Principles of plant physiology, its importance in Agriculture, Photosynthesis and crop productivity, post-harvest physiology, Nutrition, absorption, Translocation, Metabolism, respiration, growth and development in plant. |
| 25 | Deficiency symptoms in plant due to micro-nutrients. Cause and its remedy. |
| 26 | Principles of Agriculture economics and its utility in Agriculture. Production function, laws of returns. Risk and Uncertainty in Agriculture, crop insurance, assessment of crop losses, crop insurance advantages and limitations in application. Insurance and Credit Guarantee Corporation of India. |
| 27 | Type of hybridization, role of genetic engineering in the development of the new varieties Development and |

# એનેક્ષર-B

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ. ગાંધીનગર

**મદદનીશ**, **અપર ડીવીઝન ક્લાર્ક કમ કેશીયર** વર્ગ-૩ ની જગ્યા પર ભરતી માટેની પરિક્ષાની રૂપ રેખા તથા અભ્યાસક્રમ અનુસાર યોજવામાં આવશે.

| | |
|---|---|
| ૧ | લેખિત પરીક્ષાનું હેતુ લક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર ૨૦૦ ગુણ અને ૨ કલાકનાં સમય માટે રહેશે. સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આ પ્રમાણે રહેશે.<br>(૧) સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ તથા ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી<br>(૨) ભારતનું બંધારણઃ આમુખ- મુળભૂત અધિકારો અને ફરજો- રાજનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો- સંસદની રચના - રાષ્ટ્રપતિની સત્તા, રાજયપાલની સત્તા, ન્યાયતંત્ર- અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સમાજના પછાત વર્ગો માટેની જોગવાઇઓ- એટર્ની જનરલ- નીતી આયોગ- નાણાં પંચ- બંધારણીય સંસ્થાઓ- ભારતનું ચૂંટણી પંચ, સંઘલોક સેવા આયોગ, રાજય સેવા આયોગ, કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ<br>(૩) તાજેતરના મહત્વના પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ/બનાવો<br>(૪) ભારતની ભૂગોળ- ભૌગોલિક, આર્થિક, સામાજિક, ખેતી, કુદરતી સંશાધનો અને વસ્તી અંગેની બાબતો<br>(૫) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો-સાહિત્ય, કલા, ધર્મ અને સ્થાપત્યો<br>(૬) સામાન્ય બૌધિક ક્ષમતાકસોટી<br>(૭) ખેલ જગત<br>(૮) ભારતની રાજનીતિ અને અર્થવ્યવસ્થા<br>(૯) પંચાયતી રાજ<br>(૧૦) ભારતનો ઇતિહાસ |
| ૨ | લેખિત પરિક્ષાનાં અભ્યાસક્રમમાં કુલ- ૧ પેપર રહેશે.<br>(૧) પેપર-૧, ગુજરાતી (સ્નાતક કક્ષા), ૧૦૦ ગુણ તથા સામાન્ય અભ્યાસ (ઈન્ટરમિડીયેટ કક્ષા), ૧૦૦ ગુણ બંને થઈ એક પેપર કુલ -૨૦૦ ગુણનું રહશે.<br>પેપર-૧ પ્રશ્નપત્રનું સ્તર સ્નાતક કક્ષાનું રહેશે તથા સામાન્ય અભ્યાસ ઈન્ટરમિડીયેટ કક્ષાનું પેપર સમય ૨ કલાકનો રહેશે. |

# એનેક્ષર-C

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ. ગાંધીનગર

**લેખિત પરીક્ષા માટેની અગત્યની સુચનાઓ તથા વિગતવાર માહિતી**

લેખિત પરીક્ષામાં ઉમેદવારને કોમ્પ્યુરાઈઝડ ખાસ પ્રકારની જવાબવહી[O.M.R Answer Sheet] આપવામાં આવશે. પ્રશ્નપત્રના બધા હેતુલક્ષી હશે. દરેક પ્રશ્નનાં જવાબમાં એ.બી.સી.ડી. અને ઈ એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ E- "Not attempted" તરીકેનો રહેશે. જો ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઇચ્છતા હોય તો આ વિકલ્પ E પસંદ કરી શકશે.

૩(૧) ઉમેદવારે જે પ્રશ્નનાં જવાબ માટે જો પાંચમો E- "Not attempted" એનકોડ કરેલ હશે તો તે પ્રશ્નના "શૂન્ય" ગુણ ગણાશે અને તે પ્રશ્ન માટે કોઈ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહી તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી (O.M.R AnswerSheet) માં સબંધિત પ્રશ્નનાં ક્રમ સામે આપેલ A.B.C.D.કે E નાં વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈપણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવાહી તપાસવામાં આવશે નહી અને આપોઆપ શૂન્ય ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહીં.

૩(૨) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

૩(૩) આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એકથી વધુ જવાબનાં કિસ્સામાં તથા એકપણ વિકલ્પ એનકોડ નહી કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત **ગુણના 0.3 ગુણ** કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે એટલે કે ખોટા જવાબો માટે **નેગેટીવ ગુણની** બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

૩(૪) ઉમેદવાર દ્વારા જવાબવાહી [O.M.R Answer Sheet] માં જો બેઠક નંબર/પ્રશ્ન પુસ્તિકા નંબર કે પ્રશ્ન પુસ્તિકા સીરીઝ ખોટા લખવામાં આવશે કે આ બાબતે કોઈ ક્ષતિ પણ આચરવામાં આવશે તો તેવી જવાબવહીઓ તપાસવામાં આવશે નહીં. અને આવા પ્રકારની ક્ષતિઓ પરત્વે જો જવાબવહી તપસ્યા બાદ પણ ક્ષતિઓ /અપૂર્ણતાઓ ધ્યાને આવશે તો તેના ઉમેદવારને માત્ર આવા કારણોસર પણ અસફળ જાહેર કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈ રજૂઆત/વિનંતી ધ્યાને લેવામાં આવશે નહી. આથી તમામ ઉમેદવારોને O.M.R Answer Sheetમાં ભરવાની થતી વિગતો સંપૂર્ણપણે યોગ્ય રીતે ભરવા અને એનકોડ [Encode] કરવા પુરતી ચીવટ અને કાળજી રાખવા ખાસ સુચના આપવામાં આવે છે.

૩(૫) કોઈ ઉમેદવાર ધ્વારા અરજી પત્રકમાં માન્ય રમતગમતમાં પ્રતિનિધિત્વ કરેલ છે તેવી વિગત દર્શાવેલ હશે અને પાછળથી આ વિગત શરતચૂકથી દર્શાવેલ હતી કે તે અંગે નો પ્રમાણપત્ર રજુ કરી શકે તેમ નથી તેવી રજૂઆત મળશે તો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ. અને જો ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ હશે તો પણ અરજી પત્રકમાં ખોટી વિગત જણાવવાના કારણોસર ઉમેદવારી રદ કરવામાં આવશે. જેથી ઉમેદવારે આ અંગે અંગત કાળજી રાખવા સુચના આપવામાં આવે છે.